અપીલ અરજી નં.૧૦૪ તા.૯–૭–૦૯/૧૦

અરજદારઃ– શ્રી મહીપતસિંહ દિપસિંહ મહિડા

સામાવાળાઃ– ડે.કમિશ્નર(પઅનેઈ) અને અને જાહેર માહિતી અધિકારી (કતારગામઝોન)

***ફરીયાદની હકીકતઃ–***

***વિષયઃ***–આરટીઆઈ એકટ હેઠળ શ્રી મહીપતસિંહ દિપસિંહ મહિડાની તા.૮–૬–૦૯ ની અરજીથી કોસાડ બ્લોક નં.૧૧૫ માં થતા ગેરકાયદેસર બાંધકામ બાબતે ઝોનલ અધિકારી પાસેથી બાંધકામની પારવાનગી મેળવવામાં આવી છે કે કેમ? તે અંગેના દસ્તાવેજી પુરાવાની માહિતી આપવા બાબત.

***સંદર્ભ :***– અરજદાર મજકુરની તા.૯–૭–'૦૯ ની અપીલ અરજી નં.૧૦૪/૨૦૦૯–૧૦

શ્રી મહીપતસિંહ દિપસિંહ મહિડાની તા.૮–૬–૦૯ ની અરજીથી કોસાડ બ્લોક નં.૧૧૫ માં થતા ગેરકાયદેસર બાંધકામ બાબતે ઝોનલ અધિકારી પાસેથી બાંધકામની પારવાનગી મેળવવામાં આવી છે કે કેમ? તે અંગેના દસ્તાવેજ પુરાવાની માહિતી આપવા બાબતે નિયત સમય મર્યાદામાં પ્રતિભાવ નહીં મળતા નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૯–૭–૦૯ થી અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, તબદીલ કે આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા/ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૪૧૯ તા.૨૨–૭–૦૯ થી ડે.કમિશ્નર(પઅનેઈ) અને અને જાહેર માહિતી અધિકારી (કતારગામઝોન), તથા અરજદારને અપીલના આધાર કયા મુદ્દા અંગે શા કારણસર નારાજગી છે? તેની વિગત તથા તા.૬–૭–૦૯ ના રોજ જાહેર માહિતી અધિકારીએ રવાના કરેલ માહિતી મળેલ છે કે કેમ? અને તે બાદ પણ કઈ બાબતે નારાજગી છે તે સ્પષ્ટ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી કક્ષાએથી નોર્થઝોન/આ.નં.૨૭૮૭ તા.૧–૮–૦૯ થી અત્રેના વિભાગને પૂરક વિગતો મળેલ છે. જેમાં અરજદારની અરજીની નકલ, અને અરજદારને પાઠવેલ પત્ર નોર્થઝોન/આ.નં.૨૧૧૨ તા.૬–૭–૦૯ ની નકલ,અત્રે પૂરક વિગતોમાં રજૂ કરેલ છે. જયારે અરજદાર તરફથી કોઈ પૂરક વિગતો મળેલ નથી.

અરજદારની તા.૮–૬–૦૯ ની અરજીથી કોસાડ બ્લોક નં.૧૧૫ માં થતા ગેરકાયદેસર બાંધકામ બાબતે ઝોનલ અધિકારી પાસેથી બાંધકામની પરવાનગી મેળવવામાં આવી છે કે કેમ? તે અંગેના દસ્તાવેજી પુરાવાની માહિતી આપવા બાબતે માહિતી નહીં મળવા બાબતે તથા બિનઅધિકૃત બાંધકામોને સમય ફાળવી રક્ષણ પુરું પાડવા માટે વીજીલન્સ ખાતા ધ્વારા તપાસની અપીલ અરજીમા રજૂઆત કરવામાં આવેલ છે. જે અંગે જાહેર માહિતી અધિકારી કક્ષાએથી નોર્થઝોન/આ. ન.૨૧૧૨ તા.૬–૭–૦૯ થી " કતારગામના કાર્યક્ષેત્રમાં આવેલ મોજે કોસાડ રે.સ. નં.૬૫/૨ બ્લોક નં.૧૧૫ માંના બાંધકામ પ્લાનોને સુડા કચેરી હુકમ નં.સુડા/વીપઅ/યુ–૪. ૨૨૦૩, તા.૬–૨–૯૨ થી મંજુરી આપવામાં આવેલ છે. વધુમાં પ્લોટ નં.૬૯ ની દક્ષિણ દિશામાં આવેલ જગ્યાએ તથા બાંધકામ અંગે અત્રેની કતારગામ ઝોન ખાતેથી કોઈ પરવાનગી લેવામાં આવેલ નથી. તેવી માહિતી આપવામાં આવેલ જેની નકલ અત્રે મોકલેલ છે. " આ રીતે અરજદારને માંગવામાં આવેલી માહિતી સમય મર્યાદામાં પૂરી પાડવામાં આવેલ જણાય છે. આમ માહિતી આપવામાં વિલંબ થયાનું કેસની હકીકત જોતાં જણાતું નથી.

***હુકમ***

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૮–૬–૦૯ ની અરજીથી માંગવામાં આવેલ માહિતી બાબતે જાહેર માહિતી અધિકારી કક્ષાએથી ઉપલબ્ધ દફતરી માહિતી પૂરી પાડવામાં આવેલ હોય અપીલ બાબતે વિશેષ કોઈ હુકમ કરવાનો રહેતો ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે. વધુમાં અપીલ તબકકે મુળ અરજીથી અલાયદી વીજીલન્સ તપાસ અંગેની રજૂઆત બાબતે અરજદારની જાણ હેઠળ તા.૨૩–૭–૦૯ ના રોજ લાગત કક્ષાએ પત્રની નકલ રવાના કરેલ છે જે અંગે સક્ષમ સત્તાને રજૂઆત કરવા અરજદાર સ્વતંત્ર છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૮ – ૦૯

ડે.***કમિશ્નર(જનરલ),***
અ***ને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***

(૧) ડે.કમિશ્નર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી, (કતારગામઝોન) ..... જાણ તથા અમલ માટે
(૨) શ્રી મહીપતસિંહ દિપસિંહ મહિડા ,